દાખલ તારીખ :–૧૨/૦૯/૨૦૨૩
નોંધ્યા તારીખ :–૧૨/૦૯/૨૦૨૩
ફેસલ તારીખ :– ૩૦ /૦૩ /૨૦૨૬
સમયગાળો :– ૦૨ વર્ષ, ૬ માસ, ૧૮ દિવસ

---

**કડાણા ના મે.જ્યુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં,મુ.દિવડા કોલોની જી.મહીસાગર**

---

**ક્રિ.કેસ નં. ૧૦૨૨/૨૦૨૩**
આંક :– ૨૫

***ફરીયાદી*** :– ખાંટ જેસિંગભાઈ બનાભાઈ, ઉ.વ.૫૦, ધંધો.ખેતી
રહે. ઘાટાવાડીયા, પો.માલવણ, તા.કડાણા, જી.મહીસાગર

***વિ રૂ દ્ધ...***

***આરોપી:–*** (૧) ખાંટ મુન્નાભાઈ દાનાભાઈ, ઉ.વ. ૪૦

(૨) ખાંટ શૈલેશભાઈ દાનાભાઈ, ઉ.વ. ૩૫

બંને રહે. ઘાટાવાડીયા, પો.માલવણ, તા.કડાણા, જી.મહીસાગર

**ગુનો:– ઈ.પી.કો.કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૦, ૪૦૬, ૪૨૭, ૧૧૪ મુજબ.**

---

ફરીયાદપક્ષ તર્ફે વિ.વિ.વ.શ્રી જે.વી.સોલંકી
આરોપી તરફે વિ.વ.શ્રી આર.પી.પરમાર

---

**–//ઠ રા વ//–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના ફરીયાદીના છોકરા નુ લગ્ન હોઈ સોનાના લોકીટની જરુર હોઈ આ કામના આરોપી નં.૧

નાએ લુણાવાડા સોનીની દુકાને ઓળખાણ છે થોડા રુપીયા બાકી રખાવીશ હમણા જે રુપીયા હોય તે આપો તેમ કહી વિશ્વાસમાં લીધેલ અને છેતરપીંડી કરી પૈસા પરત આપેલ નહી જેથી ફરીયાદી એ માંગણી કરતા બંને આરોપીઓએ ફરીયાદીના ઘરે આવી દારુ પી ને મા બેન સમાણી ગાળો બોલી ગડદાપાટુનો માર મારેલ તેમજ વિજ મીટર નો વાયર તોડી નાખેલ અને બે ખાટલા ભાગી નાખેલ અને સોફાસેટ તોડી નાખેલ તથા ૨૦,૦૦૦/– નુ નુકશાન કરેલ અને બીજી વાર જો પૈસાની માંગણી કરી તો જાનથી મારી નાખીશુ તેમ ધમકીઓ આપેલ અને તે બાબતની ફરીયાદ ફરીયાદી એ પો.સ્ટે. મા આપેલ તથા ડી.એસ.પી. કચેરી એ આપેલ પરંતુ તે અંગે કોઈ કાર્યવાહી ન થતા નામ. કોર્ટમાં ખાનગી ફરીયાદ દાખલ કરેલ જે લગત નામ. કોર્ટે હુકમ કરી પોલીસ રીપોર્ટ મંગાવેલ અને તમામ દસ્તાવેજો ધ્યાને લઈ આરોપી વિરુધ્ધ ક્રી.પ્રો.કોડ ની કલમ ૨૦૪ હેઠળ પ્રોસેસ ઈશ્યુ કરેલ જેની બજવણી થઈ જતા આરોપીઓ હાજર થયેલ અને તેમને ફરીયાદપક્ષના પુરાવા ની નકલો આપ્યાની પુર્તતા કરવામા આવેલ અને ફરીયાદપક્ષ તરફે ચાર્જ માટે નો પુરાવો નોંધવાની પ્રક્રિયા હાથ ઘરવામાં આવેલ . ફરીયાદી તરફે ચાર્જ માટે નો પુરાવો રજુ રાખેલ ત્યારબાદ આરોપીઓ તરફે ચાર્જ ઈન્વાઈટ કરવામાં આવેલ જેથી નામ. કોર્ટ ધ્વારા આરોપીઓ વિરુધ્ધ આંક–૨૧ થી ચાર્જફ્રેંમ કરવામા આવેલ અને આંક–૨૩ તથા ૨૩ થી આરોપીઓની પ્લી નોંધવામા આવેલ જેમાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા સદર ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ફરીયાદ પક્ષ તરફે આગળ ચલાવવામાં આવેલી.

**(૩)** આ કામે ફરીયાદપક્ષ તર્ફે આરોપી સામેનો કેસ પુરવાર કરવા ફરીયાદપક્ષે નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલ છે.

(અ) **<u>મૌખિક પુરાવા</u>** :–

| **અ.નં.** | **સાહેદની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદી જેસિંગભાઈ બનાભાઈ ખાંટ ની જુબાની | ૧૯ |

ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૨૩ થી પુરાવો પુરો થયા ની પુરશીશ રજુ થતા પુરાવો જોતા ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનો વિશેષ જવાબ નોંધવો જરૂરી જણાયેલ ન હોઈ જે નોંધવામાં આવેલ નથી.

(૪) ફરીયાદપક્ષ તર્ફે વિ.વિ.વ.શ્રી તથા બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રીની દલીલો સાંભળેલ છે.

(૫) આ કામે નીર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ ની:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીના છોકરા નુ લગ્ન હોઈ સોનાના લોકીટની જરુર હોઈ આ કામના આરોપી નં .૧ નાએ લુણાવાડા સોનીની દુકાને ઓળખાણ છે થોડા રુપીયા બાકી રખાવીશ હમણા જે રુપીયા હોય તે આપો તેમ કહી વિશ્વાસમાં લીધેલ અને છેતરપીંડી કરી પૈસા પરત આપેલ નહી જેથી ફરીયાદી એ માંગણી કરતા બંને આરોપીઓએ ફરીયાદીના ઘરે આવી દારુ પી ને મા બેન સમાણી ગાળો બોલી ગડદાપાટુનો માર મારેલ તેમજ વિજ મીટર નો વાયર તોડી નાખેલ અને બે ખાટલા ભાગી નાખેલ અને સોફાસેટ તોડી નાખેલ તથા ૨૦,૦૦૦/– નુ નુકશાન કરેલ અને બીજી વાર જો પૈસાની માંગણી કરી તો જાનથી મારી નાખીશુ તેમ ધમકીઓ આપી ઈ.પી.કો. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૦, ૪૦૬, ૪૨૭, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો અત્રેની કોર્ટ ની હુકુમતમાં કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના નીર્ણય નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો પરત્વેના મારા કારણો નીચે મુજબ છે.

-//કારણો//-

મુદ્દા નં.૧ :-

(૭) ફોજદારી કાર્યવાહીમાં ન્યાયી નીર્ણય કરતી વખતે એ ધ્યાનમાં રાખવું ખાસ જરૂરી છે કે,ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો રહે છે. સદર કામે અતિ મહત્વના સાહેદોનો પુરાવો ધ્યાને લેવો આવશ્યક છે.

(૮) ફરીયાદપક્ષે આંક-૧૯ થી ફરીયાદી જેસિંગભાઈ બનાભાઈ ખાંટ નાઓ તેમના પુરાવામાં જણાવે છે કે, તેઓ મુન્નાભાઈ દાનાભાઈ ખાંટ નાઓને રૂ. ૨૧ ,૦૦૦/- ભાનુભાઈ હીરાભાઈ પટેલ , રહે. આંકલાવ નાઓની હાજરીમા તા. ૧ ૭/૦૫/૨૧ ના રોજ મુન્ના દાના ના ઘરે આપેલા તે સોનાનુ લોકીટ લેવા માટે આપેલા કારણ કે તેમના દીકરાનુ લગ્ન લેવાનુ હતુ અને તેઓને સોની સાથે ઓળખાણ હતી અને ત્યાર બાદ કોરોના કાળના લીધે લગ્ન કેન્સલ થયેલ જેથી તેઓએ આરોપીઓ પાસે માંગણી કરેલ કે પૈસા પાછા આપ નહી તો લોકીટ આપ અને આમ બે ત્રણ વખત માંગણી કરેલ તો દારુ પી ને મુન્ના દાના ખાંટ તથા તેનો ભાઈ શૈલેશ દાના ખાંટ તેઓના ઘરે આવેલા અને તેઓ સાથે ગાળાગાળી કરેલ અને તે વખતે તેઓ બીમાર હતા અને આ લોકોએ ઘરમા ઈલેકટ્રીકની લાઈટો તોડી નાખેલ અને સોફા ભાગી નાખેલા તથા બે ખાટલા ભાગી નાખેલા અને ખાવાના વાસણો ભાગી નાખેલા અને શૈલેશભાઈ દાનાભાઈ એ તેઓને ગડદાપાટુનો માર મારેલો અને આ બનાવ ને આશરે એકાદ વર્ષ જેટલો સમય થયો અને બપોરના બાર થી ચાર વાગ્યાની વચ્ચે બનેલ તથા તેઓ બીમાર હોય અઠવાડીયા પછી કડાણા પો.સ્ટે. મા આ લોકો સામે કેસ કરેલ અને પોલીસે કઈ કાર્યવાહી ન કરતા આઠ દસ દિવસ બાદ

ડી.એસ.પી. ઓફીસ મા અરજી આપેલ અને આ બાબતે વકીલ મારફતે કડાણા કોર્ટમાં પણ અરજી કરેલ તેમ જણાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં તેઓ તથા આરોપીઓ એક જ ગામના હોવાની તથા બનાવ સમયે આરોપીઓએ તેમને માર મારેલ હોય કે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ ન હોવાની તથા તેઓ તેમના ગામે સુખરુપ રહેતા હોવાની હકીકત કબુલ રાખેલ છે. વધુમા તેઓએ આરોપીઓને લોકીટ લાવવા માટે પૈસા આપેલ હોય અને આરોપીઓએ તેમની સાથે છેતરપીંડી કરેલ હોય તેવુ બનેલ ન હોવાની તથા આરોપીઓએ તેમના ઘરમાં તોડફોડ કરી રૂ. ૨૦,૦૦૦/– નુ નુકશાન કરેલ હોય તેવુ બનેલ ન હોવાની હકીકત પણ કબુલ રાખી તેઓ તેમના ગામમાં સુખરુપ શાંતી થી કોઈ ભય વિના રહેતા હોવાની તથા તેમના રોજીંદા કામો કરતા હોવાની હકીકત કબુલ રાખેલ છે.

આમ, સદર ફરીયાદી કે જેઓ આ કામના ઈજા પામનાર સાહેદ તથા મુખ્ય અસરકર્તા સાહેદ છે તેઓ તેમની સોગંદ પરની સરતપાસમા ફરીયાદની હકીકતે બનાવ બનેલ હોવાની હકીકત તો જણાવે છે પરંતુ સદર સાહેદની બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં તેઓ પોતાની સરતપાસ થી તદ્દન વિરુધ્ધ ની હકીકત જણાવે છે. ઉલટાનુ બચાવપક્ષે કરવામાં આવેલ તેમની ઉલટતપાસમાં આરોપીઓએ તેમને કોઈ માર મારેલ ન હોવાની , ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ ન હોવાની, તથા ઘરમાં તોડફોડ કરી નુકશાન કરેલ ન હોવાની તથા તેઓએ આરોપીઓને લોકીટ લેવા પૈસા આપેલ ન હોવાની હકીકત કબુલ રાખેલ છે. આમ, સદર ફરીયાદી તેમની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદ હકીકત કરતા વિરુધ્ધ ની હકીકતો જણાવતા હોઈ સદર ફરીયાદી ની જુબાની આધારે આરોપીઓ વિરુધ્ધનુ તહોમત પુરવાર માની શકાય તેમ નથી.

**(૦૯)** આમ,ઉપરોકત રજુ થયેલ સમગ્ર પુરાવાનુ મૂલ્યાંકન કરતા આરોપી વિરૂઘ્ધનું તહોમત નિ:શક રીતે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ રહેલ હોવાનું જણાય છે જેથી મુદ્દા નં.૧ પરત્વે નિર્ણય ''**નકાર**''માં આપી મુદ્દા નં.૨ પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

***-// હુકમ //-***

- આ કામના આરોપીઓ (૧) ખાંટ મુન્નાભાઈ દાનાભાઈ, ઉ.વ. ૪૦ (૨) ખાંટ શૈલેશભાઈ દાનાભાઈ, ઉ.વ. ૩૫ બંને રહે. ઘાટાવાડીયા, પો.માલવણ, તા.કડાણા, જી.મહીસાગરનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ- ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૦, ૪૦૬, ૪૨૭, ૧૧૪ મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- સી.આર.પી.સી.ની કલમ-૪૩૭(એ) હેઠળ આરોપીઓને અપીલ પીરીયડ સુધીના જામીન રજુ કરવાનો હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તા.૩૦ મી માહે માર્ચ સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(જીગ્નેશકુમાર ભીખાભાઈ પુરોહીત)
સ્થળ:-દિવડાકોલોની. જયુડીશીયલ.મેજીસ્ટ્રેટ.ફ.ક.
કડાણા, જી. મહીસાગર
જજ કોડ નં.જીજે-૦૧૧૮૫

//સેલ્ફ//